

# પરિષદ-પાથેય

સંકલન : રાજેન્દ્ર પટેલ

૨૧ ફેબ્રુઆરી 'વિશ્વ માતૃભાષા દિન' તરીકે દર વરસે ઉજવાય છે ત્યારે રાષ્ટ્રપિતા અને પરિષદ પૂર્વપ્રમુખના માતૃભાષા અંગેના લખાણો આપણે અવશ્ય જોઈ જવા જોઈએ. 'અક્ષરદેહ'માં નીચેના વિચારો વ્યક્ત થયા છે.

૧. માતાના ધાવણની સાથે જે સંસ્કાર મળે છે ને જે મધુર શબ્દો મળે છે તેની અને શાળાની વચ્ચેજે અનુસંધાન હોવું જોઈએ તે પરભાષા મારફ્તે કેળવમી લેવામાં તૂટે છે. તે તોડનારના હેતુ પવિત્ર હો, છતાં તે પ્રજાના દુશ્મન છે. આપણે તેવા શિક્ષણના ભોગ થવામાં માતૃદ્રોહ કરીએ છીએ. પરભાષા દ્વારા મળતા શિક્ષણનાં નુકસાન એટલે જ નથી અટક્યું. શિક્ષિત વર્ગ અને પ્રજાવર્ગ વચ્ચે અંતર પડી ગયું છે.

૨. આપણે તો અંગ્રેજી કેળવણીમાં ધનપ્રાપ્તિ જોઈ એટલે તે ઉપયોગને પ્રધાનપદ આપ્યું. કેટલાકે સ્વદેશાભિમાન પોષ્યું. એમ મૂળ વિચાર ગૌણ થયો ને અંગ્રેજી ભાષાનો પ્રચાર મેકોલેની ધારણા કરતાં વધ્યો તેમાં આપણે ખોયું છે.

૩. નરસિંહ મહેતાની જે ભાષા છે, જેમાં નંદશંકરે પોતાનો કરણઘેરો લખ્યો, જેમાં નવલરામ, નર્મદાશંકર, મણિલાલ, મલબારી વગેરે લેખકો લખી ગયા છે, જે બોલીમાં મરહૂમ રાજચંદ્ર કવિએ અમૃતવાણી સંભળાવી છે, જે ભાષાની સેવા કરી શકે એવી હિંદુ-મુસલમાન ને પારસી જાતિઓ છે જેના બોલનારામાં પવિત્ર સાધુ થઈ ગયા છે, જે વાપરનારામાં ધનાઢ્યો છે, જેમાં પરદેશ ખેડનારા વહાણવટીઓ થઈ ગયા છે, જેમાં મૂળુ માણેક ને જોધા માણેકના શૂરાતનના પડઘા આજ પર બરડા ડુંગરમાં સંભળાય છે તે ભાષાના વિસ્તારની સીમા હોય નહીં. તે ભાષાની મારફ્તે ગુજરાતીઓ કેળવણી ન લે તો તેઓ બીજું શું ઉજાળશે ? આ પ્રશ્નને વિચારવો પડે એ જ ખેદ છે.

૪. માતૃભાષાને કેળવણીનું વાહન કરવું એ ઇષ્ટ હોય તો તેનો અમલ થવા સારુ આપણે શાં પગલાં ભરવાં જોઈએ એ વિચારવું જોઈએ. દલીલો આપ્યા વગર એ પગલાં મને સૂઝે છે તેવાં લખી નાખું છું :

૧. અંગ્રેજી જાણનાર ગુજરાતીએ, જાણ્યેઅજાણ્યે પણ પરસ્પર વ્યવહારમાં અંગ્રેજીમાં પ્રયોગ ન કરવો.

૨. જેને અંગ્રેજી અને ગુજરાતી બંનેનું સારું જ્ઞાન છે તેણે અંગ્રેજીમાં જે સારાં ઉપયોગી પુસ્તકો કે વિચારો હોય તે પ્રજા આગળ ગુજરાતીમાં મૂકવાં.

૩. કેળવણી મંડળોએ પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવાં.

૪. ધનાઢ્ય પુરુષોએ ગુજરાતી મારફ્ત કેળવણી આપવાની શાળાઓ જગે જગે સ્થાપવી.

૫. ઉપલી પ્રવૃત્તિની સાથે જ સરકારને પરિષદોએ અને કેળવણી મંડળોએ અરજી કરવી કે બધી કેળવણી માતૃભાષા મારફતે જ આપવી જોઈએ. અદાલતોમાં ને ધારાસભામાં વહેવાર ગુજરાતી મારફત થવો જોઈએ. ને પ્રજાનું બધું કાર્ય તે જ ભાષામાં થવું જોઈએ. અંગ્રેજી જાણનારને જ સારી નોકરી મળી શકે છે તે પ્રથા બદલી નોકરોને લાયકાત પ્રમાણે ભાષાભેદ રાખ્યા વિના પસંદ કરવા જોઈએ. ગુજરાતી ભાષામાં તેઓને જોઈતું જ્ઞાન મળે એવી શાળાઓ સ્થાપવી જોઈએ, એવી અરજી પણ સરકારને જવી જોઈએ.

૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા બાદ ગાંધીજીના અનેક વક્તવ્યોમાં માતૃભાષા વિશેની નિસબત સતત જોવા મળે છે, ગાંધીજીએ તમામ પુસ્તકો ગુજરાતીમાં જ લખ્યાં છે. આપણે હવે ગુજરાતી ભાષા અંગેની ગાઢ નિસબત દર્શાવવાનો સમય હવે પાકી ગયો છે ત્યારે ગાંધીજીના ઉપરોક્ત શબ્દો આપણને જાણે પુનઃ જાગૃત કરતા લાગે છે. પરિષદે ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્રમાં ભાષાના વર્ગો ચાલુ કર્યા અને 'માતૃભાષા અભિયાન' જેવી પ્રવૃત્તિમાં સક્રિય ભૂમિકા દર્શાવી રહી છે ત્યારે સૌ પરિષદ મિત્રોને આ નવી પહેલમાં જોડાવા વિનંતી.

અસ્તુ.

– રાજેન્દ્ર પટેલ

**'ગ્રંથ સાથે ગોઠડી'**

તા. ૧૫-૨-૨૦૧૩ના શ્રી પી. જી. પટેલે ખલીલ જિબ્રાન કૃત 'ધી પ્રોફેટ' અને કિશોરલાલ મશરૂવાળા અનુદિત 'વિદાયવેળાએ'નો આસ્વાદ કરાવ્યો હતો. આ પુસ્તકની રસપ્રદ ચર્ચા કરી હતી.

**'પાક્ષિકી'**

પાક્ષિકીમાં કવિશ્રી અતુલ રાવલે તા. ૭-૨-૧૩ના રોજ પ્રખ્યાત લેખક સલમાન રશદીનાં પુસ્તક 'જોસેફ એન્ટોન' પર વક્તવ્ય આપ્યું હતું. જિજ્ઞેશ બ્રહ્મભટ્ટ અને રૂપેન પટેલે લેખક રશદીનાં જીવન વિશે પ્રશ્નો પૂછેલા જેનાથી કાર્યક્રમ રસપ્રદ બન્યો હતો.

**'જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા'**

ગુજરાતી સાહિત્ય પરિષદ અને લોકવિદ્યાલય વાળુકડના સંયુક્ત ઉપક્રમે વાર્તાકાર જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી મનોહર ત્રિવેદીનું વ્યાખ્યાન લોકવિદ્યાલય વાળુકડ ખાતે તા. ૨૯-૧-૨૦૧૩નાં રોજ 'હું વાર્તા કેમ લખું છું ?' વિષય પર અને શ્રી હરેશ રાઠોડની સ્વરચિત વાર્તા 'ઓછાયો'ના વાંચનનો કાર્યક્રમ યોજાયો હતો.

**'પી. જે. ઉદાણી વ્યાખ્યાનમાળા'**

ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે શ્રી પી. જે. ઉદાણી લોકસાહિત્ય વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૨૨-૦૧-૨૦૧૩ને મંગળવારના ઊંઝા નગર એક : લોકસાહિત્યક-લોકસંસ્કૃતિક સંદર્ભો અનેક વિષય પર ડૉ. અમૃત પટેલે રોચક વ્યાખ્યાન આપેલ.

**'માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ'**

ગુજરાતી સાહિત્ય પિષદ સંચાલિત ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર અને ક. લા. સ્વાધ્યાયમંદિર દ્વારા 'માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર' અભ્યાસક્રમનું આયોજન તા. **૧-૪-૨૦૧૩થી ૧૬-૪-૨૦૧૩** દરમિયાન કરવામાં આવ્યું છે. આ અભ્યાસક્રમમાં શ્રવણકૌશલ, વાક્કૌશલ, તથા લેખનકૌશલની સજ્જતા કેળવાય તે અભિગમથી વિવિધ વ્યાખ્યાનો યોજવામાં આવે છે, જેમાં કોઈ પણ ભાષારસિક-ભાષાજિજ્ઞાસુ વયભેદ કે વ્યાવસાયભેદ વગર જોડાઈ શકે છે. તેની ફી ૫૦૦/- રૂપિયા રાખવામાં આવી છે. વર્ગોનો સમય સાંજે ૫.૦૦થી ૬.૩૦ (સોમવારતી શનિવાર) રહેશે. રસ ધરાવનારે પરિષદ કાર્યાલયમાં ૨૩-૪-૨૦૧૩ સુધીમાં ફોર્મ ફી ભરી જવા વિનંતી છે.

**શ્રી રવિશંકર રાવળ વ્યાખ્યાન**

ટન્...ટન્...ટન્... નૌશિલ મહેતા લઈને આવે છે 'રંગભૂમિની સંગત' ...હા, શ્રી રવિશંકર રાવળ વ્યાખ્યાન શ્રેણીનું દસમું વ્યાખ્યાન તા. ૩-૨-૧૩, રવિવારે સાહિત્ય પરિષદમાં યોજાયું હતું. શ્રી ગુલામ મહમ્મદ શેખ સાહેબે નૌશિલ મહેતાનો પરિચય આપતી કેટલીક વાતો કહી. વક્તા નાટ્યસર્જક શ્રી નૌશિલ મહેતા તેમના નાટક 'લીલા'નું પઠન કરવા શ્રી મનોજ શાહ તથા ઉત્કર્ષ મઝુમદારને પોતાની સંગે તો લાવ્યા હતા પરંતુ તેમને 'રંગભૂમિની સંગત'માં હું અને નાટક કેવી રીતે એક બન્યા, વિસ્તરતા ગયા, જાત જાતના અનુભવોમાંથી પસાર થયા, મિત્રોથી સમૃદ્ધ થયા તેની ખૂબજ હળવી શૈલીમાં આત્મીયતાથી વાત કરી. લઘુનાટક લેખન શા માટે ?–થી વાત શરૂ કરી જેમાં તેમણે મનોવૈજ્ઞાનિક approachનો ઉલ્લેખ કરતાં કહ્યું કે પ્રેક્ષકનો attention span આઠ મિનિટનો છે. માટે જ દસ-પંદરથી ત્રીસ-પાંત્રીસ મિનિટોના નાટકોને પ્રેક્ષકોનો અદ્ભૂત પ્રતિસાદ મળે છે તેમ પણ જણાવ્યું. ત્યારબાદ પહેલું નાટક કેવી રીતે લખાયું તે સંદર્ભે કહ્યું કે સહપાઠી અને હરીફ મિત્ર ઉત્પલ ભાયાણી સાથે વાર્તા સંદર્ભે વેર વાળવા અઢી પાનાંની નાની વાર્તા અંગ્રેજીમાં લખી. પવઈની હૉસ્ટેલ નંબર નાઈનનું નોટીસબોર્ડ એમની વાર્તાનું પ્રથમ પ્રકાશન સ્થાન બન્યું. ત્યારબાદ ઉત્પલ ભાયાણીના એક માત્ર સાથી તરીકે નાટકો જોવા મળ્યા. પછી તો રસ વધતો ગયો અને નાટ્યલેખન પરિસંવાદમાં પણ ગયા. ત્યાં પ્રવીણ જોષી, લાભશંકર ઠાકરનો આક્રોશ ને પ્રશ્નો સાંભળ્યા. થયું, નાટક લખવું તો સહેલું છે – પણ ભાષા ! અંગ્રેજી પ્રકરણ ખોળામાં રાખી ગુજરાતીમાં બોલતા ગયા અને પ્રતિભા ભેડા લખતાં ગયાં. આમ સાંજ સુધીમાં તો અંગ્રેજી મિશ્રિત ગુજરાતીમાં નાટક તૈયાર ! પીઠ થાબડતાં લા૦ ઠા૦એ કહેલા શબ્દો યાદ કર્યા; ''ભાષા તો શીખી શકાય પણ નાટક લખતાં તને આવડે છે !' બસ, પછી તો મહેન્દ્ર જોષીના સંગે નાટકના રિહર્સલ્સમાં જવા માંડ્યું જે રંગભૂમિ ક્ષેત્રે તાલીમ સાબિત થઈ. ત્યારબાદ આ બધાંની સાથે સાથે જે મિત્રો મળ્યા, કેવા સંજોગોમાં કેવી રીતે તેમની મદદ અને પ્રોત્સાહન મળતા ગયા તે મિત્રો – મહેન્દ્ર જોષી, નાદિરા ઝહિર, બબ્બર, ભૂપેન ખખ્ખર, અતુલ ડોડિયા, મનોજ શાહ, મિહિર ભુતા, ઉત્તમભાઈ, પરેશ રાવલ વગેરે

જેમની સંગતથી સર્જક નૌશિલ મહેતા – નામાંકિત નાટ્યસર્જક બન્યા તે બધાંની વાત ક્યારેક ઉલ્લેખ કરી તો ક્યારેક વિસ્તારતી કરી. વચ્ચે વચ્ચે થતું ખડખડાટ તોફાની હાસ્ય અને એથી થયેલા તેમના રતૂમડાં ચહેરાએ પણ શ્રોતાઓ પર એમના વક્તવ્ય જેટલો જ જાદુ કર્યો હતો. અંતે તેમણે મનોજ શાહે તથા ઉત્કર્ષ મઝુમદારે ‘લીલા’ લઘુનાટકનું પઠન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રાજેન્દ્ર પટેલે કર્યું હતું.

---

# પરબ

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને ‘પરબ’ના લવાજમ અંગે :**

- ‘પરબ’ દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- ‘પરબ’ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- ‘પરબ’નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે ‘પરબ’નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં ‘પરબ’ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- ‘પરબ’ લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- ‘પરબ’માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલસકેપ અથવા D૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, ‘પરબ’, ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ‘ટાઇમ્સ’ પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯